

# NJ FAMILYCARE

**કિફાયતી હેલ્થ કવરેજ. ગુણવત્તાસભર સંભાળ.**

ન્યુ જર્સી રાજ્ય દ્વારા પૂરું પાડવામાં આવે છે

ક્રિસ ક્રિસ્ટી,ગવર્નર
કિમ ગુડાનો,લૈફ્ટીનેન્ટ ગવર્નર
ન્યૂ જાર્સી રાજ્ય

એનજે ફેમિલી કૅર (એનજે પરિવાર સંભાળ) વીમાનું કવરેજ ન ધરાવતા ૧૮ કે તેથી ઓછી વયનાં કિશારો અને ઓછી આવક ધરાવતા વાલીઓ માટે ગુણવત્તાસભર, નિ:શુલ્ક અથવા ઓછા દરનું આરોગ્ય કવરેજ પૂરું પાડે છે. હાલમાં આ કાર્યક્રમ ન્યુ જર્સીનાં પાંચ લાખથી વધુ બાળકોને આવરે છે.



## શુ આવરી લેવામાં આવે છે ?



એનજે ફેમિલી કૅર સંપૂર્ણ રાજયમાં કાર્યરત પ્રતિષ્ઠિત આરોગ્ય જાળવણી સંસ્થાઓ (હેલ્થ મેઇન્ટનેન્સ ઓર્ગેનાઇઝેશન્સ, એચ.એમ.ઓ) દ્વારા સંપૂર્ણ આરોગ્ય કવરેજ પૂરું પાડે છે. એનજે ફેમિલી કૅર લગભગ પ્રત્યેક આરોગ્ય સંભાળને આવરી લે છે, જેમાં નીચેનો સમાવેશ થાય છે :

| | | |
|---|---|---|
| ડોક્ટરની મુલાકાત | એક્સ-રે | ચશ્મા |
| પ્રિસ્ક્રિપ્શન્સ દવાઓ | હોસ્પિટલમાં ભરતી | માનસિક આરોગ્ય સેવાઓ |
| લેબોરેટરી પરીક્ષણો | દંતચિકિત્સા (મોટાભાગનાં બાળકો માટે) | વિશેષજ્ઞની મુલાકાતો |

## કોણ પાત્ર છે ?

ફક્ત બાળકો અને ૧૮ કે તેથી ઓછી વયનાં કિશોરો અને ન્યુ જર્સીમાં રહેતા અમુક ઓછી આવક ધરાવતા વાલીઓ એનજે ફેમિલી કૅર કવરેજ પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવે છે. યોગ્યતા પરિવારનાં કદ, બાળકો અને માતાપિતા સહિત, અને માસિક આવક પર આધારિત છે. મિલકત ગણવામાં નથી આવતી. માતાપિતા અથવા પાલકો કે જેઓ સૂચવેલ રકમ કરતાં ઓછી આવક ધરાવે છે તેઓ યોગ્ય ન હોય તેમ બની શકે છે કારણ કે બેરોજગારી, બાળ સહાય અને સરકારી લાભો જેવી આવક માતાપિતા અથવા પાલકો માટે જુદી રીતે ગણવામાં આવે છે. (જમણી બાજુનું કોષ્ટક જુઓ)

### ૧-૧-૨૦૧૨ મુજબ પરિવારની મહત્તમ આવક

કૃપા કરી કોષ્ઠકની સમીક્ષા કરો. તે પરિવારના કદ અને કર પહેલાંની માસિક આવક ઉપર આધારિત છે.

**મહત્તમ કુલ માસિક આવકની માર્યાદાઓ**

| પરિવારનું કદ* | બાળકોનું કવરેજ (વય ૧૮ અને ઓછી) | વાલી કે પાલકનું કવરેજ |
|---|---|---|
| ૨ | ડૉલર ૪,૪૧૩ | ડૉલર ૧,૬૭૭ |
| ૩ | ડૉલર ૫,૫૬૮ | ડૉલર ૨,૧૧૬ |
| ૪ | ડૉલર ૬,૭૨૩ | ડૉલર ૨,૫૫૫ |
| ૫ | ડૉલર ૭,૮૭૮ | ડાલર ૨,૯૯૪ |
| ૬** | ડૉલર ૯,૦૩૩ | ડૉલર ૩,૪૩૩ |

* ઘરમાં રહેતા વાલીઓ કે પાલકો અને તેમના બાળકોનો સમાવેશ થાય છે
** મોટા પરિવારો માટે, તમારી માસિક માર્ગદર્શિકા નક્કી કરવા કૉલ કરો.

## તેનો ખર્ચ કેટલો છે ?

ઘણાં પરિવારો માટે, કોઈ માસિક પ્રીમિયમ કે સહ-ચુકવણી નથી. ઊંચી માસિક આવક ધરાવતા પરિવારનાં બાળકો માટે, જોકે, નાની રકમની સહ-ચુકવણી માસિક પ્રીમિયમ જરૂરી હોઈ શકે છે.

## શું તેમાં કોઈ બંધન છે ?

પૂર્વ સ્થાપિત પરિસ્થિતિઓ યોગ્યતાને અસર કરતી નથી. મોટાભાગનાં કિસ્સાઓમાં, લગભગ ત્રણ મહિનાઓ માટે બાળકો આરોગ્ય વીમો ન ધરાવતા હોવા અનિવાર્ય છે. કારણ કે અપવાદ પણ હોય છે, આથી જો તમને સવાલે પૂછવા હોય તો એનજે ફેમિલી કૅરને કૉલ કરો.

પુખ્ત માતાપિતા કે રખેવાળ ઇમિગ્રન્ટ લાયક બની શકે તે માટે તેમની પાસે ઓછામાં ઓછા પાંચ વર્ષ માટેનો કાનૂની કાયમી રહીશનો દરજ્જો હોવો જોઈએ. રફ઼ીદેસર વસરીયો ના બાળકો જો અમેરકિ માં જન્મેલા હોઈ તો યોગ્યતા મેળવાની શકયતા છે.

## વધુ માહિતી કેવી રીતે મેળવી શકાય ?

તમે યોગ્યતા ધરાવો છો કે નહીં તે જાણવા માટે, અથવા વધુ જાણકારી માટે, અમને ફોન કરો અથવા અમારી વેબસાઇટ જુઓ.



**૧-૮૦૦-૭૦૧-૦૭૧૦**
(બહુભાષિય ઑપરેટરો ઉપલબ્ધ છે)

**www.njfamilycare.org**
**ઑનલાઇન અરજી કરો!**

**TTY ૧-૮૦૦-૭૦૧-૦૭૨૦**
(શ્રવણની અક્ષમતા ધરાવતા લોકો માટે)

